# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫ તા.૧૫-૦૪-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય – On line nominations for 2018-20 under revamped INSPIRE Award Scheme – MANAK

સંદર્ભ – જીસીઇઆરટી./ Science /9027–52, તા.1/4/2019.

આથી તમામ મ્યુનિ. શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે ઇન્સ્પાયર એવોર્ડ યોજના નવા નામકરણ INSPIRE Award Scheme - MANAK સાથે વર્ષ-2017 થી અમલમાં આવેલ છે

ઓન લાઇન નોમીનેશન સાથે પ્રોજેકટ સીનોપ્સીસ સબમીટ કરાવવી ફરજીયાત છે. જે શાળાઓનું E-MIAS માં રજીસ્ટ્રેશન થયેલ નથી. તે શાળાઓ પણ રજીસ્ટ્રેશન કરી (www.inspireawards-dst-gov.in) ઓનલાઇન નોમીનેશન કરી શકે છે. આ અંગેની વિસ્તૃત જાણકારી માટે ગાઇડલાઇન તૈયાર કરવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરી ઝડપથી ઓનલાઇન નોમીનેશન કરશો.

વર્ષ 2019-20 માટે ઓનલાઈન નોમિનેશન કરવાની શરૂઆત 15 ફેબ્રુઆરી, 2019 થી શરૂ થયેલ છે અને તા 31-7-19 ના રોજ બંધ થશે. આ સમય મર્યાદા સુધીમાં તમામ શાળાઓ રજીસ્ટ્રેશન અને નોમીનેશન અંગેની પ્રક્રિયા પૂર્ણ કરે એ જરૂરી છે. પ્રોજેક્ટ સીનોપ્સીસ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજીમાં સબમીટ કરી શકાશે.

વધુ જાણકારી www.inspireawards-dst-gov.in પરથી જાણી શકાશે.

બિડાણ – સંદર્ભિત પત્ર

તા.૧૫-૦૪-૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

ક્રમાંક : જીસીઈઆરટી/Science/9027-52
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩-૩૯
નિયામક : (૦૭૯) ૨૩૨૫૬૮૦૮
સચિવ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૩
ફેક્સ : (૦૭૯) ૨૩૨૫૬૮૧૨
ઈ-મેઈલ : director-geert@gujarat.gov.in
Web : : www.gcert.gujarat.gov.in
તારીખ : 01-04-2019

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, તમામ.

વિષય: **On Line nominations for 2019-20 under revamped INSPIRE Award Scheme – MANAK**

સંદર્ભ: DST, New Delhi Letter dated- 27 th March, 2019.

મે.સાહેબ,

સવિનય ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ઇન્સ્પાયર એવોર્ડ યોજના નવા નામકરણ **INSPIRE Award Scheme – MANAK** સાથે વર્ષ ૨૦૧૭થી અમલમાં આવેલ છે.

હવે ઓન લાઇન નોમીનેશન સાથે પ્રોજેકટ સીનોપ્સીસ સબમીટ કરાવવી ફરજીયાત છે. જે શાળાઓનું E-MIASમાં રજીસ્ટ્રેશન થયેલ નથી તે શાળાઓ પણ રજીસ્ટ્રેશન કરી( www.inspireawards-dst.gov.in ) ઓન લાઇન નોમીનેશન કરી શકે છે. આ અંગેની વિસ્તૃત જાણકારી માટે ગાઇડલાઇન તૈયાર કરવામાં આવેલ છે. જેનો ઉપયોગ કરી આપના જિલ્લામાં આ અંગે ઝડપથી ઓન લાઇન નોમીનેશન પ્રક્રિયા થાય તે રીતે સંકલન કરશો. આ અંગે આપની કક્ષાએથી ડીઇઓ/ડીપીઇઓ અને તમામ શાળાઓને જાણ કરશો.

**વર્ષ ૨૦૧૯-૨૦ માટે ઓન લાઇન નોમીનેશન કરવાની શરૂઆત ૧૫ ફેબ્રુઆરી ૨૦૧૯ થી શરૂ થયેલ છે. અને તા. ૩૧/૦૭/૧૯ના રોજ બંધ થશે. આ સમય મર્યાદા સુધીમાં તમામ શાળાઓ રજીસ્ટ્રેશન અને નોમીનેશન અંગેની પ્રક્રિયા પૂર્ણ કરે એ જરૂરી છે. આ સંદર્ભે જરૂરીયાત હોય તો જિલ્લામાં વર્કશોપ કરી માહિતી આપશો. પ્રોજેકટ સીનોપ્સીસ ગુજરાતી, હિન્દી અથવા અંગ્રેજીમાં સબમીટ કરી શકાશે.**

વધુ જાણકારી www.inspireawards-dst.gov.in પરથી જાણી શકાશે.

સચિવ,
જીસીઇઆરટી, ગાંધીનગર.

નકલ રવાના:
- નિયામકશ્રી, જીસીઇઆરટી, ગાંધીનગર.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫-A તા.૧૫-૦૪-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :-લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે ફાળવેલ મ્યુનિ. શાળાઓમાં લાઈટ - પંખાની ચેકીંગ/ રીપેરીંગ બાબત.

સંદર્ભ :- અ.મ્યુ.કો.લાઈટ ખાતું આ.નં.૨૫૮ તા.૫-૪-૧૯નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે, લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે ફાળવેલ મ્યુનિ. શાળાઓમાં લાઈટ - પંખાની ચેકીંગ/ રીપેરીંગ બાબતે અ.મ્યુ.કો.ના લાઈટ ખાતાનો સ્ટાફ શાળાઓમાં સાઈડ વિઝીટ કરવા જાય છે. પરંતુ શાળામાં સિકયુરીટી ગાર્ડ/ જવાબદાર સ્ટાફ હાજર ન હોવાને કારણે દરવાજા પર લોક હોવાથી વિઝીટ થઈ શકતી નથી. લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ ના ગણતરીના કલાકો બાકી હોવાથી તમામ શાળાના સિકયુરીટી ગાર્ડ / પગી / જવાબદાર સ્ટાફ ફરજ પર હાજર રહેવા જણાવશો તથા લાઈટ ખાતેથી આવતા કર્મચારીઓને વિઝીટ કરવા અંગે પુરતો સહકાર આપવા જણાવશો. ઉપરોકત વિગતે લાઈટ ખાતાને યોગ્ય સહકાર ન આપવો/ લાઈટ ખાતાની વિઝીટ શાળામાં ન થાય અને કામગીરી ન થઈ શકે તેવા સંજોગોમાં લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૧૯ની કામગીરીમાં જો અડચણ ઉપસ્થિત થશે તો તેની સઘળી જવાબદારી જે-તે મુખ્ય શિક્ષકશ્રીની રહેશે.

તા.૧૫-૦૪-૧૯

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૫-B તા.૧૫-૦૪-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વાર્ષિક પરીક્ષાના ધોરણ ૩ થી ૮ના પરિણામની ઓનલાઈન એન્ટ્રી કરવા બાબત.

સંદર્ભ :- એસએસએ/એમઆઈએસ/૨૦૧૯/૧૩૭૫૪-૭૯૫ તા.૧૨-૪-૨૦૧૯

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે ધોરણ ૩ થી ૮ના તમામ વિષયોના પરિણામોની એન્ટ્રી **http://www.ssagujarat.org** વેબસાઈટ પર **Child Tracking System ( Aadhar Enabled Dise )** કરવાની થાય છે. જે માટે દરેક શાળાએ પોતાના લોગીનમાં જઈને એન્ટ્રી કરવાની રહેશે. તા.૧૩-૪-૨૦૧૯ થી તા.૪-૫-૨૦૧૯ સુધીમાં એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે. વિષયવાર એન્ટ્રી શરૂ થયાની તારીખથી ૩ દિવસમાં એન્ટ્રી પૂર્ણ કરવાની રહેશે. વિદ્યાર્થીઓને પરિણામ તા.૦૪-૦૫-૨૦૧૯ના રોજ આપી દેવાનું રહેશે. જો એન્ટ્રી બાકી હોય તો ડેટા એન્ટ્રી તા.૦૬-૦૫-૨૦૧૯ સુધી પુરી કરવાની રહેશે.

વિદ્યાર્થીઓના થયેલ મૂલ્યાંકનના ગુણની ધોરણવાર એન્ટ્રી કરવા માટેનું સમયપત્રક આ સાથે સામેલ બિડાણપત્રમાં આપેલ છે તે મુજબ અનુસરવાનું રહેશે.

સી.આર.સી.કો.ઓર્ડિનેટરે ૧૦૦% શાળાઓનું ઓનલાઈન ડેટા પૂર્ણ થઈ જાય તેની ખાતરી કરવાની રહેશે. જો ઓનલાઈન ડેટા એન્ટ્રીની કોઈ કામગીરી બાકી રહેશે તેની જવાબદારી સી.આર.સી. કો.ઓર્ડિનેટરની રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર.

તા.૧૫-૦૪-૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

જયશ્રી દેવાંગન, GAS
એડીશનલ સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા અભિયાન

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા અભિયાન
સેક્ટર નં. ૧૭, ગાંધીનગર-૩૮૨૦૧૭, ગુજરાત રાજ્ય
ફોન નં. :૦૭૯-૨૩૨૩૫૦૬૩
ફેક્સ :- ૦૭૯-૨૩૨૩૨૪૩૬
ટોલ ફ્રી નંબર : ૧૮૦૦-૨૩૩-૭૯૬૫

ક્રમાંક : SSA/MIS/૨૦૧૯/ 13954 - 965 તારીખ: 12/૦૪/૨૦૧૯

પ્રતિ

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર અને
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન કચેરી,
જિલ્લાઃ તમામ

(૨) શાસનાધિકારીશ્રી
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
અમદાવાદ,વડોદરા,સુરત, રાજકોટ કોર્પોરેશન

વિષય : વાર્ષિક પરીક્ષાના ધોરણ ૩ થી ૮ના પરીણામની ઓનલાઇન એન્ટ્રી કરવા બાબત

સંદર્ભ : (૧) પ્રા.શિ.નિ..શ્રીના પત્રાંક.સંકલન/૨૦૧૮/૨૦૧૮/૬૧૨૨-૭૯ તા.૦૮/૧૦/૨૦૧૮
(૨) પ્રા.શિ.નિ..શ્રીના પત્રાંક સંકલન/૨૦૧૮/૨૦૧૮/૬૪૪૩-૬૫૦૧ તા.૨૨/૧૦/૨૦૧૮

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે એન.સી..એફ-૨૦૦૫ અને આરટીઇ -૨૦૦૯માં જણાવ્યા અનુસાર પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ગોખણપટ્ટીને બદલે સમજપૂર્વક જ્ઞાન પ્રાપ્ત કરે તે જરૂરી છે. આ પ્રકારનું જ્ઞાન વિદ્યાર્થીઓ મેળવે તો પાઠ્યપુસ્તકોનો હેતું જળવાઇ રહે. વિદ્યાર્થીઓના મૂલ્યાંકનમાં જ્ઞાન, સમજ, ઉપયોજન અને કૌશલ્યોના પ્રશ્નો હોવા જોઇએ. આ બાબતે ધ્યાને લઇ સંદર્ભ દર્શિત પત્રની સુચના અનુસાર રાજ્યની પ્રાથમિક શાળાઓમાં તમામ માધ્યમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે વાર્ષિક સત્ર પરીક્ષાના ધોરણ ૩ થી ૮ના તમામ વિષયોના પરીણામોની એન્ટ્રી http://www.ssagujarat.org વેબસાઇટ પર Child Tracking System(Aadhaar Enabled DISE)માં કરવાની થાય છે જે માટે દરેક શાળાએ પોતાના લોગીનમાં જઇ એન્ટ્રી કરવાની રહેશે આ અંગે દરેક શાળાને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા જણાવવામાં આવે છે. આ કામગીરી અંતર્ગત શાળાને પડતી મુશ્કેલીઓનું નિરાકરણ જિલ્લા એમ.આઇ.એસ તથા બ્લોક એમ.આઇ.એસ દ્વારા લાવવાનું રહેશે. જે અંગે નીચેની બાબતો ધ્યાનમાં લેવાની રહેશે.

૧. દરેક શાળાએ http://www.ssagujarat.org વેબસાઇટ પર Child Tracking System (Aadhaar Enabled DISE) માં જઇને પોતાના લોગીન અને પાસવર્ડથી લોગીન થઇ Utility ઓપ્શન

પર ક્લીક કરી Student exam marks પર ક્લિક કરી દરેક વિદ્યાર્થીઓની ધોરણવાર ધો.૩ થી ૮ની એન્ટ્રી કરવાની રહેશે.

૨ સી.આર.સી.કો.ઓ/બી.આર.સી.કો.ઓ ૧૦૦% શાળાઓનું ઓનલાઇન ડેટા એન્ટ્રી પૂર્ણ થઇ જાય તેની ખાત્રી કરી લેવાની રહેશે. જો ઓનલાઇન ડેટા એન્ટ્રીની કામગીરીમાં શાળા બાકી રહેશે તેની જવાબદારી જેતે સી.આર.સી.કો.ઓ/બી.આર.સી.કો. ની રહેશે.

૩ વિદ્યાર્થીઓના થયેલ મલ્યાંકનના ગુણની ધોરણવાર એન્ટ્રી કરવા માટેનું સમયપત્રક નીચે મુજબ રહેશે.

| પરીક્ષા તારીખ | વાર | ધોરણ | વિષય | વિષયવાર એન્ટ્રી શરૂ કરવા માટેની તારીખ |
|---|---|---|---|---|
| ૦૮.૦૪.૨૦૧૯ | સોમવાર | ૫ થી ૮ | ગણિત | ૧૩.૦૪.૨૦૧૯ |
| ૦૯.૦૪.૨૦૧૯ | મંગળવાર | ૫ થી ૮ | ગુજરાતી | ૧૩.૦૪.૨૦૧૯ |
| ૧૦.૦૪.૨૦૧૯ | બુધવાર | ૫, ૬ થી ૮ | પર્યાવરણ, વિજ્ઞાન | ૧૩.૦૪.૨૦૧૯ |
| ૧૧.૦૪.૨૦૧૯ | ગુરૂવાર | ૫ થી ૮ | અંગ્રેજી | ૧૫.૦૪.૨૦૧૯ |
| ૧૨.૦૪.૨૦૧૯ | શુક્રવાર | ૫ થી ૮ | હિન્દી | ૧૫.૦૪.૨૦૧૯ |
| ૧૩.૦૪.૨૦૧૯ | શનિવાર | ૬ થી ૮ | સંસ્કૃત | ૧૮.૦૪.૨૦૧૯ |
| ૧૫.૦૪.૨૦૧૯ | સોમવાર | ૬ થી ૮ | સામાજિક વિજ્ઞાન | ૧૮.૦૪.૨૦૧૯ |
| ૨૯.૦૪.૨૦૧૯ | સોમવાર | ૩ થી ૪ | ગણિત | ૩૦.૦૪.૨૦૧૯ |
| ૩૦.૦૪.૨૦૧૯ | મંગળવાર | ૩ થી ૪ | ગુજરાતી | ૦૧.૦૫.૨૦૧૯ |
| ૦૧.૦૫.૨૦૧૯ | બુધવાર | ૩ થી ૪ | પર્યાવરણ | ૦૨.૦૫.૨૦૧૯ |
| ૦૨.૦૫.૨૦૧૯ | ગુરૂવાર | ૪ | અંગ્રેજી | ૦૩.૦૫.૨૦૧૯ |
| ૦૩.૦૫.૨૦૧૯ | શુક્રવાર | ૪ | હિન્દી | ૦૪.૦૫.૨૦૧૯ |

નોંધ: ઉપરોક્ત દરેક વિષયની પરીક્ષા લીધા બાદ તે વિષયના ગુણની ડેટા એન્ટ્રી.એન્ટ્રી શરૂ થવાની તારીખથી ૩ દિવસમાં પૂર્ણ કરવાની રહેશે. આમ, વિદ્યાર્થીઓને પરીણામ તા.૦૪-૦૫-૨૦૧૯ના રોજ આપી દેવાનું રહેશે. જો એન્ટ્રી બાકી હોયતો ડેટા એન્ટ્રી તા.૦૬-૦૫-૨૦૧૯ સુધી પૂર્ણ કરી દેવાની રહેશે.

જયશ્રી દેવાંગન, GAS


નકલ રવાના જાણ સારૂ :-

- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર
- અંગત સચિવશ્રી, માન. મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય,સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર
- સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ, બ્લોક નં.૫/૭, સરદાર પટેલ ભવન, ગાંધીનગર
- પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી., બ્લોક નં.. ૧૨/૧. ડો..જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી, જીસીઇઆરટી., સેકટર-૧૨, ગાંધીનગર


Ssagujarat.org ઓપન કરી Child Tracking System માં ક્લિક કરો, અને Child Tracking System ના **User Name & Password** થી લોગીન કરો.




લોગીન કર્યા બાદ ડાબી બાજુનાં લિસ્ટ માં **Exam Marks** પર ક્લિક કરો, જેથી એન્ટ્રિ ફોર્મ ઓપન થશે



Exam Marks પર ક્લિક કરતાં નીચે મુજબ નું ફોર્મ ઓપન થશે, જેમાં આપ જે ધોરણની એન્ટ્રિ કરવા માંગો છે તે ધોરણ અને વર્ગ પસંદ કરી GO બટન પર ક્લિક કરો.





Go બટન પર ક્લિક કરતા નીચે મુજબ વિદ્યાર્થીઓનું લિસ્ટ ઓપન થશે, વિદ્યાર્થીના માર્ક્સ ની એન્ટ્રિ કરવા માટે વિદ્યાર્થીના નામની આગળ રહેલા ચેક બોક્સ ને સિલેક્ટ/ટીક કરવું ફરજીયાત છે.

જો વિદ્યાર્થીના નામની આગળ રહેલા ચેક બોક્સ ને સિલેક્ટ/ટીક કરેલ હશે નહિ તો તે વિદ્યાર્થીના માર્ક્સ ની એન્ટ્રિ સેવ થશે નહી જેની ખાસ નોંધ લેવી.

જો કોઈ વિદ્યાર્થી પરીક્ષામાં ગેરહાજર હોય તો વિધાર્થીના નામ પછીના Present ચેક બોક્સને અનટીક કરવાનું રહેશે જેથી ગેરહાજર વિધાર્થીના ગુણનું ખાનું ડિસેબલ થઇ જશે અને તેમના ગુણની એન્ટ્રિ કરવાની રહેશે નહિ.

વિદ્યાર્થીના માર્ક્સની એન્ટ્રિ કરવા માટે વિદ્યાર્થીના નામની આગળ રહેલા ચેક બોક્સ ને સિલેક્ટ/ટીક કરી માર્ક્સ એન્ટર કરી Save બટન પર ક્લિક કરવાથી વિદ્યાર્થીઓ ના ડેટા Save થશે.


બાળકનુ નામ સિલેક્ટ કરી પરિક્ષાના પરિણામની ડેટા એંટ્રી કરી "Save" બટન પ્રેસ કરવાથી બાળક નો ડેટા સેવ થશે.

| ક્રમ | Select | AadhaarUID | StudentName | ધોરણ | ગુજરાતી | | | ગણિત | | | પર્યાવરણ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | Present | કુલ ગુણ | મેળવેલ ગુણ | Present | કુલ ગુણ | મેળવેલ ગુણ | Present | કુલ ગુણ | મેળવેલ ગુણ |
| 1 | | 242706011251620025 | AKRUTIBEN VIJAYSINH ZALA | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |
| 2 | | 242705060011620009 | DHARABEN RAMESHBHAI PAGI | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |
| 3 | | 242705060011620008 | GOPIBEN NILESHBHAI PAGI | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |
| 4 | | 242705060011610001 | HARDIPKUMAR SURESHBHAI PAGI | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |
| 5 | | 242705060011620005 | JAYABEN RAYCHANDBHAI PAGI | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |
| 6 | | 242705060011620004 | KRISHNABEN BHARATBHAI PAGI | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |
| 7 | | 242705060011610003 | MANOJKUMAR RAMESHBHAI PAGI | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |
| 8 | | 242705060011620007 | MINAXIBEN DILIPBHAI VADI | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |
| 9 | | 242705060011620006 | SUHANIBEN SURESHBHAI PANDYA | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |
| 10 | | 242705060011610002 | SURAJKUMAR JAYESHBHAI PARMAR | 3 | ✔ | 40 | | ✔ | 40 | | ✔ | 40 | |

Save

Activate Windows